આફ્રિકન દેશોને ભાતૃભાવથી સહકાર આપવા ભારત તત્પર

ગાંધીનગર, તા.૨૪

આફ્રિકન ડેવલપમેન્ટ બેન્કની વાર્ષિક સામાન્ય સભામાં આજે ઉર્જા ક્ષેત્રે સહકાર અંગે યોજાયેલા પરિસંવાદમાં કેન્દ્રીય ઉર્જા મંત્રી શ્રી પિયૂષ ગોયલે જણાવ્યું હતું કે, આફ્રિકન દેશોના સર્વાંગી વિકાસ માટે ભાતૃભાવ પૂર્ણ સહકાર આપવા ભારત તત્પર છે.

આજે સમગ્ર વિશ્વ પર્યાવરણ જાળવણી તથા ઉર્જાની અછતથી પીડાઈ રહ્યું છે ત્યારે વૈકલ્પિક ઉર્જા મહત્વપૂર્ણ સ્ત્રોત છે. વૈકલ્પિક ઉર્જા સ્ત્રોત દ્વારા વીજળીની જરૂરીયાતને મોટા પ્રમાણમાં સંતોષી શકાય તેમ છે. આજે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે સ્કેલિંગ સોલાર મીનીગ્રીડ એન્ડ માઈક્રોગ્રીડ વિષયક સેમિનારમાં કેન્દ્રીય ઉર્જા મંત્રી શ્રી પિયૂષ ગોયલે જણાવ્યું હતું કે, ભારત અને આફ્રિકા ભલે જમીનથી જોડાયેલા નથી, પરંતુ ગરીબી-બેરોજગારી-અન્નની અછત જેવાં સમાન પ્રશ્નોનો સામનો કરી રહ્યાં છે. આ સમસ્યાને ઉકેલવા ઉર્જાસ્ત્રોત પાયાનું પ્રદાન કરી શકે છે. સમાજના છેવાડાના માનવી સુધી વીજળીની સુવિધા પહોંચાડવાથી તે વિકાસની દિશા તરફ આગળ વધશે. વીજળી એ વૈભવની નહીં પરંતુ વિકાસ માટે આજના સમયની માંગ છે તેથી વીજળીની માંગને પહોંચી વળવા ભારતે સૌર-પવન-જળ ઉર્જા જેવી વિવિધ વૈકલ્પિક ઉર્જાનો ઉપયોગ કરી કાર્બન એમિસન ઘટાડવામાં સફળતા મેળવી છે એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી ગોયલે ભારતમાં વીજળીને પહોંચી વળવાના આયોજન અંગે જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૨૨ સુધીમાં તમામને વીજળી પહોંચાડવાનો ભારતે લક્ષ્યાંક રાખ્યો છે. વીજળી પૂરી પાડવાના આ લક્ષ્યાંકને હાંસલ કરવા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો કટ્ટીબદ્ધ છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય ઉર્જા મંત્રીશ્રીએ મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સનો વિધિવત પ્રારંભ કર્યો હતો. આ પ્રસ્તુત કરાર અંતર્ગત દૂર-સુદૂરના વિસ્તારો અને ખાસ કરીને નાના દરિયાઈ ટાપુઓ ઉપર વીજળી પૂરી પાડવામાં આવશે. કરારમાં અત્યાર સુધીમાં ૫૦ આફ્રિકી દેશો જોડાયા છે.

ભિલોડાના રાયસીંગપુર પાસેથી ટ્રેક્ટરમાં બેઠેલા આધેડનું પડી જતાં મૃત્યુ

ભિલોડા તાલુકાના રાયસીંગપુર ગામ પાસેથી પસાર થતા ટ્રેક્ટરમાં બેઠેલો આધેડ એકા-એક પડી જતાં કરૂણ મોત નિપજ્યું હતું. પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. સુરેશભાઈ ભગોરાના જણાવ્યા મુજબ ટ્રેક્ટર નંબર. જી.જે.૯. બી.ઈ. ૨૧૭ નો ડ્રાઈવર નરેશભાઈ ભુરજીભાઈ ડામોરએ ટ્રેક્ટર પુરપાટ ઝડપે ગફલતભરી રીતે હંકારતાં ટ્રેક્ટરની અંદર બેઠેલા કુંડોલ-પાલ ગામના વાલજીભાઈ નાથાભાઈ ડામોર, આશરે ઉંમર વર્ષ-૬૫ જમીન ઉપર નીચે પટકાતાં શરીર ઉપર ગંભીર ઈજાઓના કારણે મોત નિપજ્યું હતું. પી.એમ. અર્થે કોટેઝ હોસ્પિટલમાં ખસેડાયા હતા. મેડીકલ ઓફીસરએ પી.એમ. કરી મૃતદેહ પરીવારજનોએ સોંપતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા.ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં મૃતકના સગાં-સબંધીઓના ટોળે-ટોળા ઉમટ્યા હતા. કુંડોલ-પાલ ગામના રમેશભાઈ વાલજીભાઈ ડામોરએ અકસ્માત સંદર્ભે ટ્રેક્ટર ચાલક વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ઓબીસીમાંથી ૩૯ જ્ઞાતિઓ હટાવવાની પીઆઈએલ રદ કરાવવા રજૂઆત

ગુજરાત પ્રજાપતિ, મહાએકતા અભિયાનની ઓબીસી સંઘર્ષ સમિતિએ કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત પ્રજાપતિ મહાએકતા અભિયાનની ઓબીસી સંઘર્ષ સમિતિ દ્વારા આજે ગાંધીનગરમાં જિલ્લા કલેક્ટર સતીષ પટેલને મળી ઓબીસીમાંથી ૩૯ જ્ઞાતિઓને દૂર કરવાની પીઆઈએલ રદ કરવાવવા અંગે આવેદનપત્ર આપ્યું હતુ. વિસનગરના કોર્પોરેટર દ્વારા હાઈકોર્ટ સમક્ષ દાખલ કરાયેલ પીઆઈએલના કારણે ઓબીસી સમાજનું ભાવિ અંધકારમય બનશે તેવી દહેશત હેઠળ સંઘર્ષ સમિતિ દ્વારા રાજ્ય સરકારે આ બાબતે યોગ્ય પગલાં ભરવા માંગ કરાઈ છે.

તાજેતરમાં વિસનગરના એક કોર્પોરેટર દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં ઓબીસીમાંથી ૩૯ જ્ઞાતિઓને દૂર કરવા માંગ કરતી પીઆઈએલ દાખલ કરવામાં આવી છે. હાઈકોર્ટે આ અરજીને સ્વીકારી રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારને નોટીસ પણ ફટકારીને જવાબ માંગ્યો છે. આ કારણે આ ૩૯ જ્ઞાતિઓમાં નિયમો માહોલ સર્જાયો છે. રાજ્યમાં જ્ઞાતિવાદનું ઝેર ફેલાવી રહ્યુ હોવાથી દરેક સમાજ એકબીજા તરફ વહેમભરી નજરે જોતો હોવાની પરિસ્થિતિ પેદા થવા પામી છે.

આ સ્થિતિમાં ઓબીસી સમાજને તેમના સંતાનોના ભવિષ્યની ચિંતા સતાવવા સાથે સમાજનો વિકાસ અટવાવાનો ભય સર્જાયો છે. જે જ્ઞાતિઓ આજે પછાત છે તેમનો હક્ક છીનવાઈ જતા તે જ્ઞાતિઓ અતિ પછાત થશે તેવા દાવા સાથે ગુજરાત પ્રજાપતિ મહાએકતા અભિયાનના ઓબીસી સંઘર્ષ સમિતિ દ્વારા આજે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી આ મામલે રાજ્ય સરકારે હસ્તક્ષેપ કરી પીઆઈએલને હાઈકોર્ટ દ્વારા રદ કરાય તેવા પગલાં ભરવા માંગ કરવામાં આવી છે. ઓબીસી સમાજની ૩૯ જ્ઞાતિઓના હિતરક્ષણ માટે યોગ્ય પગલાં ભરાય તેવી ઓબીસી સમાજમાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

કોલેજ ઓફ ફાયર ટેકનોલોજીના બી.એસ.સી. અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયાનો આરંભ

અમદાવાદ, તા. ૨૪

ભારતમાં ફાયરના ક્ષેત્રમાં ગુજરાત યુનિવર્સિટીની ડિગ્રી આપતી એકમાત્ર સંસ્થા છે. અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ખોડા ગામે આવેલી કોલેજ ઓફ ફાયર ટેકનોલોજી (સીએફટી)માં ધો. ૧૨ (સાયંસ)પછી બી.એસસી. (ફાયર એન્ડ સેફટી)ના ત્રણ વર્ષના અભ્યાસક્રમ માટેના પ્રવેશનો આરંભ થયો છે. પ્રવેશ પ્રક્રિયા માટે સંસ્થાની વેબસાઈટ www.collegeoffiretechnology.comની મુલાકાત પણ લઈ શકાય છે. આ અભ્યાસક્રમાં ત્રણ વર્ષ બાદ ગુજરાત યુનિવર્સિટીની બી.એસસી. (ફાયર એન્ડ સેફટી)ની ડિગ્રી આપવામાં આવે છે. રોજગારીની અમર્યાદ તકો ધરાવતા આ કોર્સે ૧૦૦ ટકા પ્લેસમેન્ટને કારણે વિદ્યાર્થીઓમાં આકર્ષણ જમાવ્યું છે.

અગ્નિશનમ ક્ષેત્રે આ ઉદ્યોગનું કદ અંદાજે રૂ. ૫૩,૦૦૦ કરોડ સુધી પહોંચી ગયું છે. આને કારણે અગ્નિશામનની તાલીમ પામેલા યુવાનો માટેની તકો ઘણી વધી ગઈ છે. આગ, અકસ્માતથી થયેલા નુકશાનનો અંદાજ મેળવવા તજજ્ઞોની જરૂર પડે છે. ભારતમાં સંરક્ષણ, રેલવે, એરપોર્ટ, પેટ્રોકેમીકલ્સ સંકુલો, ઓઈલ કંપનીઓ, ઓ.એન.જી.સી. કેન્દ્રીય ઈન્ડસ્ટ્રીયલ ફોર્સ વગેરેમાં અગ્નિશમનની પદવી ધરાવતા યુવાનોને આકર્ષક પગારથી નોકરી મળી શકે છે. ફાયર ટેકનોલોજી ક્ષેત્રે શિક્ષમ મેળવ્યું હોય તેવા યુવા મિત્રો કેટલાક ક્ષેત્રે રોજગારી મેળવી શકે છે. તેમાં પણ ફાયર સર્વેયર તરીકે ફાયર કન્સલટન્સી, પેટ્રોલિયમ કંપનીઓની લાયઝન ઓફિસર, ફાયર ફાઈટીંગ ઉપકરણોના ઉત્પાદન ક્ષેત્રે પણ પ્રેકટીસ કરીને વિપુલ આવક ઉભી કરી શકાય છે.

સાણંદ તાલુકાનાં ખોડા ગામ ખાતે આવેલી કોલેજ ઓફ ફાયર ટેકનોલોજી બી.એસસી (ફાયર એન્ડ સેફટી)નો કોર્ષ ઓફર કરે છે. આ કોલેજનાં વિદ્યાર્થીઓમાં નવાઈની વાત તો એ છે કે હજી તો પરીક્ષા પૂર્ણ થઈ છે.

બટાકા પકવતા ખેડૂતોને હવે નિકાસ માટે સહાય ચૂકવાશે

અમદાવાદ, તા.૨૪

નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે જણાવ્યું છે કે, રાજયના કિસાનોને મદદરૂપ થવુ એ રાજય સરકારની પ્રાથમિકતા રહી છે ત્યારે બટાટા પકવતા ખેડુતોને ટ્રાન્સપોર્ટના ખર્ચમાં સહાય આપવાનો રાજય સરકારે નિર્ણય કર્યો હતો. આ વર્ષે પણ રાજયમાં બટાટાનું મબલખ ઉત્પાદન થતાં આ સબસિડી ૧૫મી જુન, ૨૦૧૭ સુધી ચુકવવામાં આવશે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, કિસાનોને આર્થિક રીતે સધ્ધર કરવા મુખ્યમંત્રી વિજય રૂપાણીની સરકારે અનેકવિધ કિસાનલક્ષી નિર્ણયો કર્યા છે ત્યારે બટાટાના વિપુલ ઉત્પાદનથી નિકાસમાં પણ સહાય થવા આ મહત્વનો નિર્ણય કરાયો છે. બટાટાની નિકાસ જો ખેડુતો રોડ ટ્રાન્સપોર્ટથી કરશે તો ૭૫૦ પ્રતિ મેટ્રીક ટન, રેલ્વે દ્વારા કરશે તો ૧૧૫૦ પ્રતિ મેટ્રીક ટન તથા દેશ બહાર નિકાસ કરવામાં આવે તો કુલ વાહતુક ખર્ચના ૨૫ ટકા અને વધુમાં વધુ ૧૦ લાખની મર્યાદામાં પ્રતિ ખેડુત દીઠ સહાય આપવામાં આવશે. તેમણે ઉમેર્યું કે, હાલ બટાટાના ભાવો નીચા છે ત્યારે ખેડુતોને ટ્રાન્સપોર્ટશનની સુવિધામાં મદદરૂપ થવા આ નિર્ણય કરાયો છે. ખેડુતોને યોગ્ય ભાવ મળી રહે તે માટે ઉત્પાદીત વધારાના જથ્થાને બહાર મોકલવા સુવિધા અપાશે.

ગુજરાત ફેર પ્રાઈસ એસોસિએશન સાથે સમાધાન થતાં ૨૮મીની હડતાળ મોકુફ

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત ફેર પ્રાઈસ એશોસીએશન દ્વારા રાજયના દુકાનદારોના હિતને લગતાં વિવિધ મુદ્દાઓને લઈને ગત તા. ૮-૫-૨૦૧૭ મીએ સરકારને આવેદનપત્ર પાઠવવામાં આવેલ. તેમજ મુદ્દાઓ સંતોષાય નહીં તો તા.૨૮-૫-૨૦૧૭ના રોજ રાજયવ્યાપી હડતાળનું એલાન આપવામાં આવેલ.

પુરવઠા મંત્રી જયેશ રાદડીયાની અધ્યક્ષથામાં સરકારના ઉચ્ચ અધિકારીઓ સહિત એસોસીએશન પ્રમુખ સહિત રાજયના વિવિધ વિસ્તારના એશોસીએશનના હોદ્દેદારો સાથે મહત્વની બેઠક બોલાવવામાં આવેલ હતી.

આ બેઠકમાં એશોસીએશન દ્વારા દુકાનદારોના આર્થિક હિતો જળવાય રહે તે બાબતે ૧૩ જેટલા વિવિધ મુદ્દાઓની માંગણી રજુ થયેલ હતી. મંત્રીએ તમામ માંગણીઓ ખુબજ ધ્યાનપૂર્વક સાંભળેલ હતી. તેમજ રાજયના ગરીબ અને મધ્યમવર્ગના કાર્ડધારકોના હિતને ધ્યાનમાં રાખી તા.૩૦ જુન સુધીમાં તમામ કાર્ડધારકોને તેમના આધારકાર્ડ સાથે સીડીંગ કરી પારદર્શક પુરવઠા તંત્રના નિર્માણમાં તેમજ આધારલીક અપમાં આપણુંરાજય ગુજરાત મોખરે રહે તે બાબત સહયોગ આપવા અનુરોધ કર્યોહતો. મંત્રીએ ફેરપ્રાઈસ એસોસીએશનની માંગણી બાબતે અગાઉથી જ ઉચ્ચકક્ષાની સમિતિની રચના કરી હતી. જે ગુજરાતમાં પ્રથમવાર બન્યું હતું.

આ સમિતિ સમક્ષ એશોસીએશન પોતાની સમગ્ર રજુઆત કરી શકશે. તેમજ આ સમિતિના ઉચ્ચકક્ષાના અધિકારીઓ તેમજ ટેકનીકલ સ્ટાફ બહુ જ ટુંકાગાળામાં વ્યાજબી ભાવની દુકાનને પોષણક્ષમ બનાવવા અગત્યના સુચનો આપશે. તેમજ રાજય સરકાર તાત્કાલીક અસરથી એશોસીએશનની કેટલીક માંગણીઓ જેવી કે, તમામ દુકાનદારોને વિમા સુરક્ષા, મા અમૃત્તમકાર્ડ આપવા બાબત તથા અનાજની ઘટ જેવી માંગણીઓ બાબતે સત્વરે હકારાત્મક નિણર્ય લેશે. જે મુજબ અમલીકરણ કરી, રાજયના વ્યાજબીભાવના દુકાનદારોના આર્થિક હિતોને ધ્યાને રાખી દુકાનને પોષણક્ષમ બનાવવા માટે હકારાત્મક અભિગમ દાખવવામાં આવશે. ગુજરાત ફેર પ્રાઈસ એસોસીએશનના હોદ્દેદારોએ સરકારના હકારાત્મક અભિગમને સહર્ષ સ્વીકારી તા.૨૮-૫-૨૦૧૭ની હડતાળ મોકુફ રાખવાની જાહેરાત કરેલ છે.

વેચાણવેરા સમાધાન યોજનાની મુદતને લંબાવાઈ

અમદાવાદ, તા.૨૪

નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે જણાવ્યું છે કે, રાજય સરકાર દ્વારા વેટનો ટેક્ષ ભરવાની વેચાણવેરા સમાધાન યોજના અમલમાં છે. આગામી ૧લી જુન, ૨૦૧૭થી દેશભરમાં જીએસટીનો કાયદો અમલમાં આવનાર હોઈ વેટ અંગેના વિવાદો અને અપીલો ઝડપથી પૂર્ણ થાય તે માટે આ યોજનાની મુદત ૩૦મી જુન, ૨૦૧૭ સુધી લંબાવવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે, મુલ્યવર્ધિત વેરા અધિનિયમ હેઠળ આ યોજનાને વ્યાપક પ્રતિસાદ મળતા અને વેપારીઓ દ્વારા આ યોજના લંબાવવા માટે રજુઆતો મળતાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ યોજનાની મુદત લંબાવવાનો નિર્ણય કર્યો છે. અગાઉની યોજનામાં લાભ લેનાર વેપારીઓ અપીલમાં જતા હતા તે માટે ભરેલ રકમ મજરે આપવામાં આવતી ન હતી તે હવે મજરે આપવામાં આવશે. પરંતુ જે વેપારીના તમામ વર્ષોની તમામ કેટેગરીની ૧૦ કરોડની વધુ ફક્ત વેરાની રકમ બાકી હોય તેવા કેસોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહિ. આ કાયદા હેઠળ ૩૧મી માર્ચ, ૨૦૧૭ સુધીમાં પસાર કરેલ હોય તેવી કામચલાઉ આકારણી ઈસ્યુ બેઝડ આકારણી, ફેર આકારણી અને ફેર તપાસ તથા અન્ય આકારણી આદેશોને આ યોજના લાગુ પડશે.

ફી કમીટી સમક્ષ સ્કૂલોનો છેલ્લી ઘડીએ ભારે ધસારો

ખાનગી સ્વનિર્ભર શાળા ફી નિયમન કાયદા અંતર્ગત રાજય સરકાર દ્વારા રચાયેલી ફી કમીટી સમક્ષ ફી અંગેની દરખાસ્ત અને એફિડેવીટ રજૂ કરવાની આજે છેલ્લી તારીખ હોઈ સ્કૂલોએ છેલ્લી ઘડીયે પોતાની દરખાસ્ત અને એફિડેવીટ રજૂ કરવા ભારે પડાપડી કરી હતી. જેના કારણે આજે ગોતા સ્થિત ફી કમીટી કચેરી સમક્ષ સ્કૂલોનો છેલ્લી ઘડીનો જબરદસ્ત ધસારો રહ્યો હતો. ફીની દરખાસ્ત-એફિડેવીટ રજૂ કરવાની આજે છેલ્લી તારીખ હોઈ ફી કમીટી દ્વારા મોડી રાત સુધી દરખાસ્ત-એફિડેવીટ સ્વીકારવાની કાર્યવાહી હાથ ધરી હતી. સાંજે આઠ વાગ્યા સુધીમાં અમદાવાદ ગ્રામ્યની ૨૨, શહેર વિસ્તારની ૧૫ અનેજિલ્લા પંચાયત હેઠળની ૨૧ સ્કૂલો સહિત કુલ ૬૬ જેટલી શાળાઓએ પોતાની ફી અંગેની દરખાસ્ત રજૂ કરી હતી. જોકેફી કમીટીની કામગીરી મોડી રાત સુધી ચાલવાની હોઈ આ આંકડો વધે તેવી પૂરી શકયતા છે. ઉલ્લેખનીય છે કે, સરકારના નવા કાયદા મુજબ, જો કોઈ સ્કૂલની ફી સરકારે નક્કી કરેલી ફીથી વધુ ફી હોય તો તેણે તે ફીનું વાજબીપણુંસાબિત કરવા માટે સ્કૂલોએ ફી કમીટી સમક્ષ દરખાસ્ત રજૂ કરવાની હોય. સરકારે નક્કી કરેલી ફીથી ઓછી હોય તો પણ તેવી શાળાઓએ અધિકૃત મંજૂરી માટે ફી કમીટી સમક્ષ એફિડેવીટ રજૂ કરવાનું રહે છે. આમ, ફી અંગેની દરખાસ્ત-એફિડેવીટ રજૂ કરવાની છેલ્લી ૨૪મી મે મોટાભાગની ખાનગી સ્વનિર્ભર સ્કૂલો દ્વારા તેમની દરખાસ્ત કેએફિડેવીટ ફી કમીટી સમક્ષ રજૂ નહી થતાં ડીઈઓએ ગંભીર નોંધ લઈ એક પરિપત્ર જારી કરી આવી સ્કૂલોને કડક ચેતવણી સાથેનું અલ્ટીમેટમ આપ્યુ હતું.

સટ્ટાકિંગ જેપી સિંહના જામીન ખાસ અદાલતે ફગાવ્યા

આઈપીએલ ક્રિકેટના હજારો કરોડના સટ્ટાકાંડ કૌભાંડમાં પકડાયેલા એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટના તત્કાલીન જોઈન્ટ ડિરેકટર જે.પી.સિંહની જામીનઅરજી આજે અત્રેની સીબીઆઈ સ્પેશ્યલ કોર્ટે આકરા વલણ સાથે ફગાવી દીધી હતી. કોર્ટે આરોપી ઉચ્ચ અધિકારીના ગુનાની ગંભીરતા અને તેમની વિરૂધ્ધના પ્રથમદર્શનીય કેસને ધ્યાનમાં લઈ આરોપી જે.પી.સિંહને જામીન આપવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. આઈપીએલ ક્રિકેટના હજારો કરોડના સટ્ટાકાંડ કૌભાંડમાં ઈન્ડિયન રેવન્યુ સર્વિસના ૨૦૦૦ વર્ષની બેચના અધિકારી એવા જે.પી.સિંહ વિરૂધ્ધ આ કૌભાંડના મુખ્ય આરોપીઓ પાસેથી લાંચ સ્વીકારવાનો અને તેઓને મદદગારી કરવાનો આરોપ હતો. જેના અનુસંધાનમાં સીબીઆઈએ ફેબ્રુઆરી-૨૦૧૭માં એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટના તત્કાલીન જોઈન્ટ ડાયરેકટર જે.પી.સિંહની ધરપકડ કરી હતી અને તેઓની વિરૂધ્ધ સીબીઆઈ સ્પેશ્યલ કોર્ટમાં ચાર્જશીટ પણ રજૂ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, સપ્ટેમ્બર-૨૦૧૫માં આઈપીએલ ક્રિકેટના હજારો કરોડના સટ્ટાકાંડ કૌભાંડનો પર્દાફાશ થયા બાદ સીબીઆઈએ મુંબઈ, અમદાવાદ સહિતના જે.પી.સિંહના સ્થાનો પર તપાસ કરી કેટલાક મહત્વના અને મજબૂત પુરાવા પ્રાપ્ત થતાં તેમની વિરૂધ્ધ કેસ દાખલ કરી તેમની ધરપકડ કરી હતી. ઈડી દ્વારા આઈપીએલ ક્રિકેટના રૂ.૨૦૦૦ કરોડના સટ્ટાકાંડ અને રૂ.૫૦૦૦ કરોડના અફરોઝ ફટ્ટાના હવાલા કૌભાંડમાં તપાસ ચલાવાઈ હતી, જેમાં આરોપી ઉચ્ચ અધિકારી જે.પી.સિંહની સંડોવણી બહાર આવી હતી.

યુદ્ધ વિમાનોની

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતે સ્પષ્ટતા કરી છે કે તેની પોતાની સરહદમાં કોઈ વિમાન ઘુસ્યા નથી. અત્રે ઉલ્લેખનિય છે કે સિયાચીન ગ્લેસીયર હિમાલયમાં કાળાકોરમ પહાડી શ્રેણીમાં સ્થિત છે. પાકિસ્તાની મીડિયાના કહેવા મુજબ પાકિસ્તાની હવાઈ દળના વડા સોહેલ અમને સિયાચીન નજીક ફોરવર્ડ એરબેઝની મુલાકાત લીધી હતી અને હવાઈ સેવાના અભ્યાસમાં ભાગ લીધો હતો. અમને ભારતને ધમકી આપતા કહ્યું છે કે પાકિસ્તાન ભારતની કોઈપણ હરકતનો જવાબ આપશે. તેમણે ઉમેર્યું હતું કે જો ભારત તરફથી કોઈ કાર્યવાહી કરાશે તો તેનો જવાબ આપવામાં આવશે. અમને ફોરવર્ડ એરબેઝ પર પહોંચ્યા ત્યારે તેમની સાથે મોટી સંખ્યામાં પાકિસ્તાની હવાઈ દળના અધિકારીઓ હતા. સિયાચીન નજીક કરવામાં આવેલી લશ્કરી કવાયતમાં અમન પોતે પણ સામેલ થયા હતા અને મિરાઝ જેટ વિમાન ઓપરેટ કર્યું હતું. બીજી બાજુ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે સ્કર્દુ ખીણની બિલકુલ નજીક પાકિસ્તાની હવાઈદળના યુદ્ધ વિમાનો નજરે પડ્યા હતા. પાકિસ્તાની એરચીફે પોતાની સેનાને સાવધાન રહેવા માટે પણ કહ્યું છે. ફોરવર્ડ બેઝને ઓપરેશન બનાવી દેવાની તૈયારી કરી લીધી છે. સાથે સાથે શોર્ટ નોટિસ ઉપર તૈયાર રહેવા માટે પણ કહ્યું છે. આ અગાઉ પાકિસ્તાને એવો ખોટો દાવો કર્યો હતો કે જમ્મુ-કાશ્મીરના નવસેરા સેકટરમાં ૧૩મી મેના દિવસે કરવામાં આવેલી કાર્યવાહીમાં ભારતીય સેનાની ઘણી ચોકીઓને ફૂંકી મારવામાં આવી હતી. મંગળવારના દિવસે ભારતીય સેનાએ વીડિયો જારી કરીને કહ્યું હતું કે કઈ રીતે પાકિસ્તાની ઘુસણખોરોને જવાબ આપીને કાર્યવાહી કરવામાં આવી છે. સેનાએ નવસેરા સેકટરમાં એલઓસી નજીક સ્થિત પાકિસ્તાની સેનાની ચોકીઓ અને બંકરોને ફૂંકી માર્યા હતા.

આઈટી દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મેરઠના આરટીઓ મમતા શર્મા, બાગપતના પૂર્વ ડીએમ હૃદયશંકર તિવારીના આવાસ ઉપર દરોડા પાડવામાં આવ્યા છે. તિવારી હાલમાં ઉત્તરપ્રદેશના આરોગ્ય વિભાગમાં ફરજ બજાવી રહ્યા છે. ઈન્કમટેક્સ વિભાગે પણ નિવેદન જારી કરીને કહ્યું છે કે દરોડાની કાર્યવાહી ચાલી રહી છે. ઉત્તરપ્રદેશ સરકારના અધિકારીઓ સાથે જોડાયેલા ત્રણ મામલામાં આ દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઈન્કમટેક્સ વિભાગના કહેવા મુજબ આઈએએસ ઓફિસર હૃદયશંકર તિવારીની સામે દિલ્હી, લખનૌ, મેરઠ, બાગપત, ગ્રેટર નોઈડા સહિત આઠ જગ્યા ઉપર દરોડા પાડવામાં આવ્યા છે. તિવારી હાલમાં ઉત્તરપ્રદેશના આરોગ્ય વિભાગમાં નિર્દેશકના હોદ્દા ઉપર છે. બીજો મામલો આઈએએસ વિમલ કુમાર શર્મા અને તેમના પત્ની મમતા શર્માનો છે. આ મામલામાં મેરઠ, નોઈડા અને મેનપુરી સહિત કુલ આઠ જગ્યાઓએ દરોડા પડાયા છે. ત્રીજો કેસ સત્યેન્દ્રકુમાર સિંહનો છે. જે હાલમાં ઉત્તરપ્રદેશના ખાસ સચિવ (જેલ) હોદ્દા પર છે. આ મામલામાં લખનૌ અને નોઈડામાં છ જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન જુદા જુદા દસ્તાવેજોમાં ચકાસણી કરવામાં આવી હતી. વહેલી સવારે દરોડાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હતી.

માહિતી નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપતા કહ્યું હતું કે ભારતના લાપત્તા વિમાનના સંદર્ભમાં તેની પાસે કોઈ માહિતી આવી નથી. વિમાનને શોધી કાઢવાના પ્રયાસ ચાલી રહ્યા છે. ખરાબ હવામાનના પરિણામ સ્વરૂપે આ વિમાન લાપત્તા થઈ ગયું હતું. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું છે કે બંને પક્ષો તરફથી શોધખોળ ચાલી રહ્યું છે. આ સુખોઈ-૩૦ વિમાનમાં બે પાઈલોટો હતો. મંગળવારે સવારે ભારત-ચીન સરહદ નજીકથી આ વિમાન લાપત્તા થયું હતું. તપાસ કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. જોકે ખરાબ હવામાનની સ્થિતિ આ પ્રદેશમાં હોવાના કારણે તેને રોકવાની ફરજ પડી હતી. અરૂણાચલપ્રદેશમાં ભારત-ચીન સરહદથી ૧૭૨ કિલોમીટરના અંતરે સ્થિત તેજપુર એરબેઝથી આઈએએફના સુખોઈ વિમાની ઉડાણ ભરી હતી. વિમાનને શોધી કાઢવાની પ્રક્રિયા હવે ફરી ઝડપી કરાઈ છે.

સમન્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રૂપિયામાં ખરીદવામાં આવેલી સંપત્તિની કિંમત ૧૦૦ કરોડ રૂપિયા હોવાનું જાણવા મળ્યું છે. આ અગાઉ મંગળવારના દિવસે મિશા ભારતીની ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રાજેશ અગ્રવાલને ઈડી દ્વારા ધરપકડ કરી લેવામાં આવ્યા હતા. ઈડીએ મની લોન્ડરીંગ કેસમાં રાજેશ અગ્રવાલની ધરપકડ કરી હતી. ઈડીએ રિમાન્ડ પર લઈને તેમની પૂછપરછ કરવામાં આવ્યા બાદ મિશા ભારતી અને શૈલેષકુમાર સામે નોટિસ જારી કરવામાં આવી છે. અત્રે નોંધનિય છે કે ૮૦૦૦ કરોડ રૂપિયાના મની લોન્ડરીંગ મામલામાં રાજેશની ધરપકડ કરવામાં આવી છે. રાજેશ ઉપર મિશાને નાણા ઉપલબ્ધ કરાવવા અને મિશાની કંપની મિશેલ પેકર્સ એન્ડ પ્રિન્ટર્સને એન્ટ્રી અપાવવાનો આક્ષેપ છે. આ મામલામાં અનેક મોટા લોકોને કમિશન આપવાથી લઈને બનાવટી કંપનીઓ મારફતે એન્ટ્રી અપાવવામાં આવી હતી. ચોંકાવનારા દસ્તાવેજો તપાસ સંસ્થાઓના હાથમાં આવી ગયા છે. આ દસ્તાવેજ મુજબ મિશા અને શૈલેષે દિલ્હીમાં ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથક નજીક બિજવાસનમાં એક ફાર્મહાઉસ માત્ર ૧.૪૧ કરોડ રૂપિયામાં ખરીદી લઈને પ્રશ્નો વધાર્યા હતા. આ સંદર્ભમાં અનેક અમીર લોકો અને પ્રભાવશાળી લોકોને સફળતા હાથ લાગી ન હતી પરંતુ મિશા અને શૈલેષે બાજી મારી લીધી હતી. આ વિસ્તારમાં અનેક અમીર લોકો પણ રહે છે. મિશા અને તેમના પતિએ સૈનિક ફાર્મમાં પણ એક ફાર્મહાઉસની ખરીદી કરી હતી. જેને ખરીદવાની પ્રક્રિયામાં પણ શંકા છે. રજીસ્ટ્રાર ઓફ કંપનીના રેકોર્ડ મુજબ મિશા અને શૈલેષ ઓછામાં ઓછા ચાર પ્રાઈવેટ કંપનીઓના ડિરેકટર તરીકે છે. મિશા અને શૈલેષે ડિસેમ્બર ૨૦૦૨માં મિશેલ પેકર્સ નામની કંપની બનાવી હતી. જેની સત્તાવાર નોંધણી લાલુના સત્તાવાર આવાસ ૧૫, તુગલઘ રોડ નવી દિલ્હી કરવામાં આવી છે. આ આવાસ લાલુને રાજ્યસભા સાંસદ તરીકે મળ્યા બાદ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.

આ અગાઉ લાલુ યાદવના દિલ્હી, ગુડગાંવ સહિત ૨૨ સ્થળો ઉપર આવકવેરા વિભાગે ૧૦૦૦ કરોડની બેનામી સંપત્તિના સંદર્ભમાં દરોડા પાડ્યા હતા. લાલુના નજીકના પ્રેમચંદ ગુપ્તાના આવાસ ઉપર પણ દરોડા પડ્યા હતા.

ફી ઘટાડી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે આ જાહેરાત કરવાનો અંતિમ દિવસ હતો હવે શાળાઓ માટેની ફી નિર્ધારણ સમિતિ દ્વારા જેમની દરખાસ્તો મળી છે તેમનુ હીયરીંગ કરી અને તેમના વ્યાજબીપણાને પુરવાર કરવાનું રહેશે અન્યથા સમિતિ જે ફી નિયત કરશે તે જ વસુલવાની રહેશે. ૯૦ દિવસમાં આ કાર્યવાહી સંપન્ન કરવામાં આવશે.

આજે જે ૧૩ શાળાઓએ ફી ઘટાડાની જાહેરાત કરી છે તેમાં ગાંધીનગરની ૭ શાળાઓ, દહેગામની ૪ શાળાઓ અને કલોલ-માણસાની ૧-૧ શાળાનો સમાવેશ થાય છે.

ગાંધીનગરની વેદ ઈન્ટરનેશનલ સ્કૂલે ફીમાં રૂ. ૭ હજાર થી ૧૦ હજારના ઘટાડાની જાહેરાત કરી છે.